# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13/11/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. રાજ્યના 14 આદિજાતિ જિલ્લાઓમાં 'જોહર કેફે' શરૂ કરાશે અને હાટ બજારો ખાતે 'શબરી બુથ ખાતેથી આદિજાતિ વિકાસ અંગેની માહિતીનું વિતરણ કરાશે.
2. GSRTCએ ડિજિટલ ટિકિટિંગ ક્ષેત્રે ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ દ્વારા એક જ દિવસમાં સૌથી વધુ બુકિંગ અને ત્રણ કરોડ 55 લાખ રૂપિયાની ડિજિટલ આવક મેળવી રેકોર્ડ બનાવ્યો.
3. રાજ્યમાં હાલ ઠંડી શરૂ થવાની શક્યતા નહિવત હોવાનું હવામાન વિભાગે જણાવ્યુ.
4. જામનગરની યશસ્વી સિંહ ચરકે સ્કોટલેન્ડના ગ્લાસગોમાં કોમનવેલ્થ કરાટે ચેમ્પિયનશિપ 2026માં રજત અને કાંસ્ય ચંદ્રક જીત્યા.
5. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે માઉન્ટ મૌંગાનુઈમાં ચોથી વનડે મેચ રમાશે.

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# BIRTH ANNIVERSARY OF LORD BIRSA MUNDA

રાજ્યના 14 આદિજાતિ જિલ્લાઓમાં 'જોહર કેફે' શરૂ કરાશે અને આદિજાતિ ક્ષેત્રોના હાટ બજારો ખાતે 'શબરી બુથ ખાતેથી આદિજાતિ વિકાસ અંગેની માહિતીનું વિતરણ કરાશે.

ભગવાન બિરસા મુંડાની 151 મી જન્મજયંતીએ રાજ્યભરમાં જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી12 થી 18 નવેમ્બર દરમિયાન રાજ્યભરમાં કાર્યક્રમો અંગે માહિતી આપતા આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે જણાવ્યું કે,

(BYTE- NARESH PATEL)

આ પ્રસંગે આદિજાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષ ગણપત વસાવાએ જણાવ્યું કે, "આપણી જમીન, આપણું રાજ"નું સૂત્ર આપનાર ભગવાન બિરસા મુંડાજીનો સંદેશ ગુજરાતના જન-જન સુધી પહોંચે તે માટે 12 થી 18 નવેમ્બર દરમિયાન 14 આદિવાસી જિલ્લાઓની 55 વિધાનસભા બેઠકો, 34 જિલ્લાઓ અને 17 મહાનગરપાલિકાઓમાં સપ્તાહવ્યાપી કાર્યક્રમો યોજાશે.

(BYTE- GANPAT VASAVA)

# JANJATIYA GAURAV DIVAS

વિવિધ જિલ્લાઓમાં ગઇકાલે યોજાયેલી પત્રકાર પરિષદમાં જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી અંગે યોજાનાર કાર્યક્રમો અંગે માહિતી આપવામાં આવી.

તાપીમાં પત્રકાર પરિષદને સંબોધતા સાંસદ પ્રભુ વસાવાએ જણાવ્યુ કે, જિલ્લાકક્ષાના કાર્યક્રમોમાં વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ કુલ 342.12 લાખથી વધુની સહાયનું વિતરણ કરાશે.

પંચમહાલમાં 284 આદિવાસી લાભાર્થીઓને 86 લાખ રૂપિયાની વિવિધ યોજનાઓનો લાભ અપાશે.

રાજકોટમાં 15 નવેમ્બરે "જનજાતીય ગૌરવ દિવસ"ની જિલ્લાકક્ષાની ઉજવણી બેન્કર્સ રિક્રિએશન ક્લબ ખાતે યોજાશે. જેમાં વિવિધ લાભાર્થીઓને લાખો રૂપિયાની યોજનાકીય સહાય-લાભોનું વિતરણ કરવામાં આવશે.

ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતિ નિમિત્તે 15 નવેમ્બરે અમદાવાદમાં ઇસનપુર ખાતે રેલી અને જાહેરસભાનું આયોજન કરાયું છે.

મહેસાણામાં યોજાયેલી પત્રકાર પરિષદમાં આદિવાસી સમાજના સર્વાંગી ઉત્થાન અને સાંસ્કૃતિક વારસાના જતન માટે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત માહિતી અપાઈ હતી.

# BK DYCM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે શક્તિપીઠ અંબાજી મંદિરમાં દર્શનાર્થે આવશે. પ્રધાનમંત્રીના કાર્યક્રમને લઈ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઇકાલે અંબાજીની મુલાકાત લીધી. તેમણે વહીવટી તંત્ર પાસેથી પ્રધાનમંત્રીના કાર્યક્રમની માહિતી મેળવી તૈયારીઓની સમીક્ષા કરી હતી.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

# GSRTC

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) એ ડિજિટલ ટિકિટિંગ ક્ષેત્રે ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ દ્વારા દેશની તમામ રાજ્ય પરિવહન નિગમોમાં એક જ દિવસમાં સૌથી વધુ બુકિંગ અને આવક મેળવવાનો નવો વિક્રમ રચી સિદ્ધિ હાંસલ કરી છે.

આ ઐતિહાસિક સિદ્ધિ અંતર્ગત 11 નવેમ્બરે ભાઈબીજે એક જ દિવસમાં અત્યાર સુધીના તમામ વિક્રમ તોડી સૌથી વધુ એક લાખ 46 હજાર 875 બેઠકોનું બુકિંગ થયું છે, આ ઉપરાંત, માત્ર મોબાઇલ એપ્લિકેશન દ્વારા જ 99 હજાર 472 સીટોનું બુકિંગ નોંધાયું છે. સાંભળીએ એક અહેવાલ.....

(VC- JAYESH PATEL)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

ડેસ્ક

# VGGS – QATAR, UAE, OMAN

રાજય સરકારના ઉચ્ચ-સ્તરીય પ્રતિનિધિ મંડળે 25 થી 31 ઓક્ટોબર દરમિયાન કતાર, ઓમાન અને સંયુક્ત આરબ અમીરાત –UAE ખાતે વાઈબ્રન્ટ ગુજરાત 2027 અંતર્ગતનું અભિયાન પૂર્ણ કર્યું છે. આ અભિયાનથી ખાડી દેશો સાથે રાજ્યની વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત બની છે, અને આગામી વાઇબ્રન્ટ સમિટ 2027ની તૈયારીઓને વધુ વેગ મળ્યો છે. આ દરમિયાન પ્રતિનિધિ મંડળ દ્વારા વૈશ્વિક રોકાણ, વેપાર, નવીનતા, મેન્યુફેક્ચરિંગ અને નાણાંકીય સેવાઓ માટે પસંદગીના સ્થળ તરીકે રાજયમાં રહેલી તકોનું પ્રદર્શન કરાયું હતું.

અઠવાડિયા સુધી ચાલેલા આ પ્રવાસ  દરમિયાન ત્રણેય દેશોના સોવરેન વેલ્થ ફંડ્સ, રોકાણ માટેની પ્રમોશન એજન્સીઓ, નાણાકીય સંસ્થાઓ અને ઉર્જા કંપનીઓ સાથે મહત્વપૂર્ણ બેઠકો  યોજવામાં આવી હતી.

# CM CONGRATULATES TO CITIES

રાજ્યના શહેરો સ્વચ્છતા ક્ષેત્રે દેશમાં અગ્રેસર રહેતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પટેલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરમાં સ્વચ્છતા માટેનું જે જન આંદોલન ચલાવ્યું છે તેને ગુજરાતે ભલિભાંતિ ચરિતાર્થ કર્યું છે. પ્રધાનમંત્રીની પ્રેરણા અને માર્ગદર્શનમાં સ્વચ્છતા રાજ્યના દરેક લોકોની જીવનશૈલી બની ગઈ છે. તેનો આનંદ વ્યક્ત કરતાં મુખ્યમંત્રીએ સૌને સ્વચ્છ અને વિકસિત ગુજરાત તરફ વધુ તેજ ગતિએ આગળ વધવા આહ્વાન કર્યું છે.

ઉલ્લેખનીય છે કે, આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય હેઠળના શહેરી વિકાસ વિભાગ દ્વારા રાજ્યના શહેરોને સ્વસ્છતા ક્ષેત્રે પુરસ્કાર એનાયત કરાયા છે. નવી દિલ્હીમાં યોજાયેલા સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ અમદાવાદ-સાણંદ, વડોદરા અને સુરતના શહેરી સત્તા તંત્રોને પુરસ્કાર અર્પણ કર્યાં હતાં.

# AMC – FESTIVAL WASTE

અમદાવાદ મનપાએ વિવિધ સંસ્થાઓના સહયોગથી દિવાળીના તહેવારો દરમિયાન 19 હજાર 500 મેટ્રિક ટનથી વધુ કચરો એકત્રિત કરી તેનો નિકાલ કર્યો છે. જે ગયા વર્ષે સમાન સમયગાળા દરમિયાન 12 હજાર 980 મેટ્રિક ટન હતો.

મનપાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે તહેવારોના સમયગાળા શહેરમાં એક ખાસ સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી. જે અંતર્ગત 150 થી વધુ ટીમો આ કામગીરીમાં જોડાઈ હતી.

# WEATHER

રાજ્યમાં હાલ  ઠંડી શરૂ થવાની શક્યતા નહિવત હોવાનું હવામાન વિભાગે જણાવ્યુ છે. હાલમાં ઉત્તર ભારત તરફથી આવતા પવનના કારણે રાજ્યમાં બપોરે ગરમી તથા સવારે અને રાત્રે સામાન્ય ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યુ કે રાજ્યમાં આગામી સાત દિવસ હવામાન સૂકુ રહેશે.

## (BYTE - A. K. DAS)

રાજ્યમાં ગત 24 કલાકમાં સૌથી ઓછું 16.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમરેલીમાં નોંધાયું હતું.

# MOBILE RECOVERY RATE

રાજ્યમાં ગુમ થયેલા મોબાઈલ ફોનને શોધી કાઢવા કાર્યરત્ કેન્દ્રીય ઉપકરણ ઓળખ રજિસ્ટર પોર્ટલના અમલીકરણમાં ગુજરાત પોલીસને મોટી સફળતા મળી છે. સમગ્ર દેશમાં આ પોર્ટલના માધ્યમથી મોબાઈલ રિકવરી એટલે કે, શોધી કાઢવાનો સરેરાશ દર 37.4 ટકા છે. તેની સામે ગુજરાતે 50.75 ટકાનો ઉંચો દર હાંસલ કર્યો છે. તેમાં પણ અમદાવાદ શહેરમાં સૌથી વધુ 23 હજાર 611 મોબાઈલ બ્લોક કરવાની રિક્વેસ્ટ મળતાં ચાર હજાર 190 મોબાઈલ શોધી કઢાયા છે. ડાંગ અને આણંદ જિલ્લો ખોવાયેલા મોબાઈલ શોધવામાં અગ્રણી જિલ્લા બન્યા છે. કોઈ પણ વ્યક્તિનો મોબાઈલ ફોન ખોવાય તો તેમણે તરત જ CEIR પોર્ટલ પર નોંધણી કરાવવા રાજ્ય પોલીસ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે.

# ARAVALLI POTATO FARMING

અરવલ્લી જિલ્લામાં નવા વર્ષની આસપાસ ખેડૂતો સરેરાશ 80 હજાર કરતાં વધારે હેક્ટરમાં બટાકાનું વાવેતર કરતાં હોય છે, જેમાં સૌથી વધારે પ્રોસેસિંગના બટાકા વાવતા હોય છે. પ્રોસેસિંગના બટાકા, ચિપ્સ બનાવવા માટે ઉપયોગી થતાં હોય છે, જેનો ભાવ પણ સારો મળતો હોય છે. આ અંગે ખેડૂત અશોક પટેલ પોતાની પ્રતિક્રિયા આપી.

(BYTE – ASHOK PATEL FARMER)

# JAMANAGAR – COMMENWEALTH KARATE CHAMPIONSHIP

જામનગરની યશસ્વી સિંહ ચરકે સ્કોટલેન્ડના ગ્લાસગોમાં કોમનવેલ્થ કરાટે ચેમ્પિયનશિપ 2026માં ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરીને રજત અને કાંસ્ય ચંદ્રક જીત્યા. યશસ્વીએ ક્લબ કેટેગરીમાં રજત અને એલિટ કેટેગરીમાં કાંસ્ય ચંદ્રક જીતીને સમગ્ર દેશ અને જામનગર શહેરને ગૌરવ અપાવ્યું છે.

ખેલાડીને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડવામાં વિવિધ સંસ્થાઓ તરફથી ટેકનિકલ તાલીમ તથા જરૂરી સહયોગ મળતા તેણે ખુશી વ્યકત કરી હતી.

# CRICKET

ભારત અને યજમાન ન્યુઝીલેન્ડ વચ્ચે આજે માઉન્ટ મૌંગાનુઈમાં ચોથી વનડે મેચ રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે 7:30 વાગ્યે શરૂ થશે.

શ્રેયસ ઐયરની આગેવાની હેઠળની ભારતીય ટીમ પાંચ મેચની શ્રેણીમાં 2-0થી અજેય લીડ મેળવી છે. હેમિલ્ટનમાં રમાયેલી ત્રીજી વનડે મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી.

આ દરમિયાન, ન્યુઝીલેન્ડ શ્રેણીની પોતાની પહેલી જીતનો લક્ષ્ય રાખશે